પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : Monday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદમાં અને મુખ્યમંત્રી ગાંધીનગર ખાતે નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓની આપલે કરશે**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના વાડજ વિસ્તારના રામાપીર ટેકરા વિસ્તારના રહીશોને બાળકોને અભ્યાસ કરાવવા અપીલ કરી**
3. **રાજ્યભરમાં વહેલી સવારથી જ નવા વર્ષની ઉજવણી.. મંદીરોમાં વિશેષ પૂજા અને અન્નકૂટના દર્શન... યાત્રાધામોમાં ભક્તોનું ઘોડાપુર**
4. **રાજ્યપાલે નવા વર્ષના સંદેશમાં નાગરિકોને સ્વદેશી અપનાવવા આહ્વાન કર્યું**
5. **પેન્શનધારકો માટે પોસ્ટ વિભાગે ઘરે બેઠાં ડિજીટલ હયાતીનું પ્રમાણપત્ર પહોંચાડવાની સેવાનો આરંભ કર્યો**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

NUTAN VARSH

વિક્રમ સંવત 2083ના નૂતન વર્ષનો નવી આશા, ઉમંગ અને અપેક્ષાઓ સાથે આજે પ્રારંભ થયો છે.

રાજ્યભરમાં લોકો હર્ષોલ્લાસ સાથે પરંપરાગત રીતે નવા વર્ષને વધાવી રહ્યા છે. આજે લોકો નવા વસ્ત્રો પહેરી મંદિરોમાં ભગવાનના દર્શન કરી પૂજા અર્ચના કરે છે ત્યારબાદ સગા સંબંધીને મળી નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. એક બીજાને મીઠાઈ ખવડાવી સમગ્ર વર્ષ મીઠાશથી ભરેલું રહે અને આરોગ્ય સારું રહે તેવી કામના કરે છે.

CM BHUPENDRA PATEL

વિક્રમ સંવત 2083ના પ્રારંભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગાંધીનગર અને અમદાવાદમાં નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન કરશે.

મુખ્યમંત્રી સવારે ગાંધીનગરના પંચદેવ મંદિરે દર્શન કરશે. બાદમાં અડાલજના ત્રિમંદિરમાં દર્શન-પૂજન કરશે. લગભગ 8 વાગ્યે તેઓ મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટર ખાતે પ્રજાજનો સાથે શુભેચ્છાની આપ-લે કરશે. બાદમાં રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નવા વર્ષની શુભેચ્છા પાઠવશે. સવારે 10 વાગ્યે તેઓ અમદાવાદના ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કરશે. ત્યારબાદ શાહીબાગના એનેક્સી ખાતે નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન કરશે. 12 વાગ્યાની આસપાસ તેઓ પોલીસ ઓફિસર્સ મેસ ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારો સાથે સ્નેહમિલન કરશે.

AMIT SHAH NEW YEAR CELEBRATION

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નૂતન વર્ષ નિમિત્તે અમદાવાદમાં થલતેજ ખાતે નાગરિકો , કાર્યકર્તાઓ અને નેતાઓને મળીને નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓની આપલે કરશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દિવાળી અને નવાવર્ષની ઉજવણી અંતર્ગત અમદાવાદના પ્રવાસે છે. ત્યારે આજે તેઓ નવા વર્ષની ઉજવણી કરશે.

RAJYPAL NEW YEAR MESSAGE

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નૂતન વર્ષના શુભ અવસરે ગુજરાતના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવતા જણાવ્યું છે કે , આ નવું વર્ષ સૌના જીવનમાં ઉત્તમ સ્વાસ્થ્ય , સુખ, શાંતિ, સમૃદ્ધિ અને નવી સિદ્ધિઓ લઈને આવે તેવી મંગલકામના છે.

નૂતન વર્ષના પ્રારંભે રાજ્યપાલે નાગરિકોને સંદેશ આપતા જણાવ્યું છે કે , નવું વર્ષ માત્ર કેલેન્ડર બદલવાનો અવસર નથી , પરંતુ પોતાના વિચારોને નવી દિશા આપવાનો , પોતાના સંકલ્પોને નવી શક્તિ આપવાનો અને જીવનને વધુ ઉત્તમ બનાવવાનો અવસર છે. સ્વદેશીને અપનાવીને દેશના શ્રમિકો , કારીગરો, ખેડૂતો અને ઉદ્યોગસાહસિકોના પરિશ્રમનું સન્માન કરવાનો પણ તેમણે આગ્રહ કર્યો.

(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR OF GUJARAT)

AMIT SHAH SMART SCHOOL

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે અમદાવાદમાં એક હજાર 400 કરોડ રૂપિયાથી વધુના પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે વાડજના રામાપીર ટેકરા વિસ્તારમાં આવાસોનો ડ્રો કર્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યુ હતું કે , અગાઉ જે રામાપીરના ટેકરા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો , તે જ સ્લમ વિસ્તારના નાગરિકો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આજે આધુનિક સગવડોથી સજ્જ પાકા મકાનો અને દુકાનોના કમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો અને ચાવી વિતરણથી ગરીબ પરિવારોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે.

તેમણે રામાપીર ટેકરા વિસ્તારના રહીશોને બાળકોને શિક્ષણ આપવાનુ કહ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે અમદાવાદમાં નિર્માણ પામેલી સ્માર્ટ સ્કૂલના બાળકોને ભણવીને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બનાવો.

(BYTE: AMIT SHAH, UNION HOME MINISTER)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

DIWALI CELEBRATION OVERALL

દિવાળીના પર્વ નિમિત્તે રાજ્યભરના મંદિરો માં વિશેષ પૂજા – અર્ચન અને અન્નકૂટનુ આયોજન થયુ હતુ. ત્યારે ડાકોરના રણછોડરાયજી મંદિરમાં આજે ગોવર્ધન પૂજા કરવામાં આવી. હિન્દુ સંસ્કૃતિ અને ભગવાન શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપ સાથે જોડાયેલી આ પરંપરાએ વિશેષ આકર્ષણ જમાવ્યું. આ પ્રસંગે રણછોડરાયજીના સન્મુખ મંદિર પરિસરમાં જ છાણ , લીલી વનસ્પતિ અને વૃક્ષોનો ઉપયોગ કરીને ગોવર્ધન પર્વતની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી. શાસ્ત્રોક્ત વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે બપોરે 12 વાગ્યે વિધિવત ગોવર્ધન પૂજા સંપન્ન થઈ.

તો, બોટાદમાં સુપ્રસિદ્ધ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં દાદાને વાઘાં અને ફૂલોનો વિશેષ શણગાર કરાયો તેમજ દાદાને મહાઅન્નકૂટ પણ ધરાવાયો છે. કેન્દ્રશાસિત પ્રદેશ દમણના સત્યનારાયણ મંદિરમાં 126 વર્ષ જૂની પરંપરા મુજબ ભગવાનને 56 ભોગ અન્નકૂટ ધરાવાયો.

તો, ભરૂચમાં પૌરાણિક રામકુંડ તીર્થક્ષેત્ર અયોધ્યાની થીમ પર 5 હજાર 100 દીવડા પ્રગટાવવામાં આવ્યા. આ ઉપરાંત ઝાડેશ્વર વિસ્તારના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે 25 હજાર દીવડા સાથે ભવ્ય મહાઆરતી કરવામાં આવી.

SHAMLAJI ANNAKUT

અરવલ્લીના યાત્રાધામ શામળાજી ખાતે ગોવર્ધન પૂજાના પાવન અવસરે ભગવાન શામળિયાને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. દીપાવલીના તહેવારના બીજા દિવસે પરંપરા મુજબ અન્નકૂટનું આયોજન કરાયું હતું. જેમાં 33 જાતની મીઠાઈઓ અને 22 જાતનાં શાકભાજીની વિવિધ વાનગીઓ ભગવાનને અર્પણ કરવામાં આવી હતી.. શામળાજી મંદિર ના પૂજારી પરેશ રાણાએ જણાવ્યું કે મોટી સંખ્યામાં ભક્તોએ શામળિયાના અને અન્નકૂટનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

(BYTE: PARESH RANA, PUJARI, SHAMLAJI TEMPLE)

GADADHA GOPINATH ANNKUT

બોટાદના સ્વામિનારાયણના તિર્થધામ ગઢડા ગોપીનાથજી મંદિરે અન્નકૂટ દર્શન થયાં હતા.

200 વર્ષની પરંપરા મુજબ ગોપીનાથજી ભગવાનને ડ્રાયફ્રુટ , અલગ અલગ પ્રકારની મીઠાઈ, વિવિધ શાક, અથાણા સહિત 300 જેટલી વાનગીઓનો અન્નકૂટ ધરાવાયો. દર વર્ષે બેસતા વર્ષના દિવસે અન્નકુટ દર્શન થતા હોય છે પરંતુ આ વર્ષે પડતર દિવસે અન્નકુટ ધરાવાયો હતો. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તજનોએ આ અન્નકૂટના દર્શન કર્યા હોવાનું ગોપીનાથજી મંદિરના ચેરમેન રમેશ ભાવસારે જણાવ્યું હતું.

(BYTE: RAMESH BHAVSAR, CHAIRMAN GOPINATHJI TEMPLE, GADHADA)

DAKOR ANNAKUT

ડાકોરના રણછોડરાય મંદિરમાં 125 - મણ અન્નકૂટ લૂંટવાની ચાલી આવતી વર્ષો જૂની પરંપરા અંતર્ગત ભક્તોએ અન્નકૂટ લૂંટવાનો લાહવો લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ડાકોર ખાતે રણછોડરાયજીના મંદિરમાં દર વર્ષે દિવાળી પર્વમાં અન્નકૂટ લૂંટવાની સદીઓ જૂની પરંપરા ઉલ્લાસભેર ઉજવાય છે. જેમાં ભક્તિ અને શ્રદ્ધાના પ્રતીકરૂપે શ્રીજી સમક્ષ ધરાવાયેલો પ્રસાદ લૂંટવામાં આવે છે,

ડાકોર ટેમ્પલ કમિટી તથા સેવક આગેવાનો દ્વારા આસપાસના 125 ગામોના દરબારોને અન્નકૂટ લૂંટવા માટે વિશેષ પત્ર લખીને આમંત્રણ પાઠવવાની પરંપરા છે. કાળિયા ઠાકોરની મહાઆરતી સંપન્ન થયા બાદ , નિમંત્રિત દરબારો ગોમતી નદીમાં પવિત્ર સ્નાન કરી , ઉઘાડા શરીરે મંદિરમાં પ્રવેશ કરીને અન્નકૂટ લૂંટવાનો ધાર્મિક લહાવો લે છે. ભક્તોમાં એવી માન્યતા છે કે આ લૂંટાયેલી પ્રસાદીને ખેતરમાં છાંટવાથી કે રાખવાથી આખું વર્ષ પાક વિપુલ પ્રમાણમાં થાય છે અને જમીનની ફળદ્રુપતા વધે છે. આ પ્રસાદ ગ્રહણ કરવાથી રોગ-દોષમાંથી મુક્તિ મળે છે.

RAJKOT CELEBRATION

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવાળી પર્વને અનુલક્ષીને રેસકોર્સ રીંગ રોડ પર દિવાળી કાર્નિવલ , ફૂડ ફેસ્ટિવલ અને રંગોળી સ્પર્ધા સહિતના ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા. રાજકોટવાસીઓને શહેર બહાર ફરવા જવાનું મન ન થાય અને અન્ય શહેરોમાંથી પણ લોકો આ કાર્નિવલની મોજ માણવા ઉમટી પડે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ રાજકોટનો રેસકોર્સ રિંગરોડ રોશનીથી ઝળહળી ઉઠ્યો હતો. સાંભળીએ એક અહેવાલ.....

(VC: JAYDEEP PANDYA)

PENSION CERTIFICATE

હવે પેન્શનધારકોએ હયાતીનું પ્રમાણપત્ર જમા કરાવવા માટે ટ્રેઝરી , બેંક કે અન્ય કોઈપણ વિભાગમાં જવાની જરૂર રહેશે નહીં. પેન્શનધારકો પોતાના નજીકના પોસ્ટ ઓફિસના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવક મારફતે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ કઢાવી શકશે. આ માટે માત્ર 70 રૂપિયાની ફી નક્કી કરવામાં આવી છે . આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઓનલાઈન મોકલી આપવામાં આવશે, જેથી પેન્શન મેળવવામાં કોઈ અડચણ નહીં આવે.

આ અંગેની માહિતી ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર , અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે આપી . આ પહેલ 'ડિજિટલ ઇન્ડિયા'ના વિઝનને વધુ સશક્ત બનાવવાની સાથે સરકારી સેવાઓ નાગરિકોના ઘર આંગણે પહોંચાડવાની દિશામાં પોસ્ટ વિભાગનું એક મહત્વપૂર્ણ પગલું છે . આ જ ક્રમમાં અમદાવાદ ખાતે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના પેન્શનર ઘનશ્યામ હરગોવનદાસ તથા જીવીબેન દલાભાઈ પરમારનું ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવની ઉપસ્થિતિમાં પોસ્ટમેન મારફતે સફળતાપૂર્વક બનાવીને આ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો.